# જગદીશ ઠાકોર કેક કાપી અને ત્રણ પૂર્વ પ્રમુખે ચાલતી પકડી

**કોંગ્રેસમાં નવા પ્રમુખના પદગ્રહણને અસંતુષ્ટોનું ગ્રહણ : ગુજરાત કોંગ્રેસનાં દિગ્ગજ નેતા સાગર રાયકા પણ કોંગ્રેસ પાર્ટીનો સાથ છોડીને ભાજપમાં જોડાઈ જતા આંચકો**

અમદાવાદ, તા.૬

ગુજરાત કોંગ્રેસમાં એક સાંધો ત્યાં તેર તુટે તેવી સ્થિતિ છે. કોંગ્રેસને માંડ માંડ ૬ મહિને નવા દિગ્ગજ નેતાઓના મોઢા વિલા દેખાયા હતા. આ ઉપરાંત જગદીશ ઠાકોર કેક કટિંગમાં પહોંચ્યા તો ત્રણેય નેતાઓએ અને કોંગ્રેસ તરફથી રાજ્યસભા સાંસદ સાગર રાયકાએ પણ કોંગ્રેસનો સાથ છોડી દીધો હતો. તેઓએ કોંગ્રેસમાંથી અધિકારીક




પ્રદેશ પ્રમુખ મળ્યા હતા. જેની ઉજવણીના ભાગરૂપે રાજીવ ગાંધીભવન ખાતે ઉજવણી કરવામાં આવી હતી.

નવા પ્રદેશ પ્રમુખ જગદીશ ઠાકોરનું ભવનમાં ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. પદગ્રહણ પહેલા જગદીશ ઠાકોરે કેક કાપી હતી. જો કે આ ઉત્સવમાં કોંગ્રેસનાં ત્રણેય પૂર્વ પ્રમુખો અને ચાલતી પકડી હતી. જેના પગલે કોંગ્રેસમાં જુથવાદ હજી પણ યથાવત્ત હોવાનું સ્પષ્ટ રીતે દેખાયું હતું. આટલા જુથ ઓછા પડતા હોય તેમ જગદીશ ઠાકોરનાં આવવાથી વધારે એક જુથ પડી ગયું હોવાનું લાગી રહ્યું છે.

જો કે હવે કોંગ્રેસ સારા દિવસોની રાહ જોઈ રહ્યું હતુ ત્યાં, ગુજરાત કોંગ્રેસનાં દિગ્ગજ નેતા રીતે ભાજપમાં જોડાયા હતા. જેના પગલે કોંગ્રેસમાં ખળભળાટ મચી ગયો હતો. અત્રે નોંધનીય છે કે, ઉત્તર ગુજરાતનાં દિગ્ગજ નેતાઓ પૈકીનું સૌથી મોટુ નામ સાગર રાયકા છે. તેઓ ઓબીસી સમાજમાં મજબુત પકડ ધરાવતા નેતા હતા. જો કે ગમે તે કારણોથી તેમણે કોંગ્રેસનો સાથ છોડી દીધો હતો.

# વાયબ્રન્ટ સમિટ જોખમી બની રહી છે, સરકાર પાસે વર્ચ્યુઅલ સમિટ કરવાનો વિકલ્પ

**કોરોનાના નવો વેરિયન્ટ ઓમિક્રોનથી સરકાર ફફડી ઉઠી છે, ૧૫મી ડિસેમ્બર પછી મુખ્યમંત્રી કેન્દ્રનું માર્ગદર્શન માગે તેવી સંભાવના**

ગાંધીનગર, તા. ૬

ગુજરાતની ૧૦મી વાયબ્રન્ટ સમિટ કે જે ૧૦થી ૧૨ જાન્યુઆરી ૨૦૨૨માં યોજાવા જઈ રહી છે તેવા સમયે કોરોનાનો નવો વેરિયન્ટ ઓમિક્રોન ફેલાઈ રહ્યો હોવાથી આ સમિટ માટે ગુજરાત સરકારે અલગ અલગ વિકલ્પ શોધવા શરૂ કર્યા છે. સચિવાલયના કર્મચારીઓ માને છે કે આ સમિટને મોકુફ રાખવી જોઈએ. રાજ્યના આઈએએસ અધિકારીઓ તેને રદ્દ કરવાનું સૂચન કરે છે જ્યારે સત્તાધારી નેતાઓ આ સમિટને વર્ચ્યુઅલ એટલે કે ઓનલાઈન બનાવવા તૈયાર થયાં છે.

હાલ વાયબન્ટ સમિટના કારણે રાજ્યના ઓફિસરો વિદેશના પ્રવાસે છે. તેઓ વિદેશમાં રોડ શો યોજી રહ્યાં છે. રાજ્ય સરકારે એવું નક્કી કર્યું છે કે જે ઓફિસરો રોડ શો કરવા માટે વિદેશ ગયા છે તેઓ અને વાયબ્રન્ટ સમિટમાં આવનારા મહેમાનોને સાત દિવસ સુધી કોરન્ટાઈલ થવું પડશે. તેઓ વિદેશથી આવીને સીધા સમિટમાં




ભાગ લઈ શકશે નહીં. જો તેમ થશે તો આ મહેમાનોને સાચવવા માટે હોટલો વધુ દિવસો સુધી બુક કરવી પડે તેમ છે.

ગુજરાત સરકારે આફ્રિકન દેશોના ડિપ્લોમેટ્સ અને ઉદ્યોગ પ્રતિનિધિમંડળોને પણ વાયબ્રન્ટ સમિટમાં આવવા માટે આમંત્રણ આપ્યું છે. હવે તો નવો વેરિયન્ટ ૫૫ થી વધુ દેશોમાં ફેલાઈ ચૂક્યો છે. ભારતમાં પણ તેના કેસ ઝડપથી વધી રહ્યાં છે તેવા સમયે કેન્દ્ર સરકાર ગુજરાત માટે કોઈ નવી ગાઈડલાઈન આપે તેવી સંભાવના છે. જો કે રાજ્ય સરકારે આરોગ્યના અધિકારીઓને ૧૫મી ડિસેમ્બર સુધી નવા વેરિયન્ટના કેસો પર નજર રાખવાનો આદેશ આપ્યો છે.

ગુજરાતમાં છેલ્લી નવમી વાયબ્રન્ટ સમિટ ૨૦૧૯માં થઈ હતી. ૧૦મી વાયબ્રન્ટ સમિટ ૨૦૨૧માં થવાની હતી પરંતુ કોરોના સંક્રમણના કેસો વધી જતાં આ સમિટને મોકુફ રાખવામાં આવી હતી. હવે ૨૦૨૨ના વર્ષ પહેલાં આવી સ્થિતિ સર્જાઈ રહી છે ત્યારે ગુજરાત સરકારે પહેલો વિકલ્પ વર્ચ્યુઅલી સમિટનો શોધ્યો છે. વિદેશના મહાનુભાવોને ઓનલાઈન આ સમિટમાં જોડાવા માટે આમંત્રણ આપવાનું નક્કી કરાય તેવી સંભાવના છે. જો કે આફ્રિકન કન્ટ્રીમાંથી જે લોકો સમિટમાં જોડાવા માટે છે તેમના માટે ઓનલાઈન સિસ્ટમ કાર્યરત કરવામાં આવેલી છે જે મહાત્મા મંદિરમાં સ્થાપિત કરવામાં આવશે.

ભારતમાં કોરોના વેરિયન્ટની ત્રીજી લહેર દરવાજે દસ્તક આપી રહી છે. ગાંધીનગરના એક્ઝિબિશન સેન્ટરનું જ્યાં આયોજન થયું હતુ ત્યાં પ્રતિદિન હજારોની સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યાં હતા. આ એક્ઝિબિશન પાંચ દિવસ સુધી ચાલ્યું હતુ પરંતુ તેમાં કોરોનાની ગાઈડલાઈનનું પાલન થયું નથી. વાયબ્રન્ટ સમિટમાં પણ જો કોરોનાની ગાઈડલાઈનનું પાલન ન થાય તો નમસ્તે ટ્રમ્પના કાર્યક્રમ જેવી હાલત થવા સંભવ છે. આ સંજોગોમાં ગુજરાત સરકાર વાયબ્રન્ટ સમિટને પાર પાડવાના અલગ અલગ વિકલ્પોનો અભ્યાસ કરી રહી છે. આ સાથે ભારત સરકાર અને વડાપ્રધાન કાર્યાલયની સૂચનાની રાહ જોઈ રહી છે.

# આમ આદમી પાર્ટીની યુથ વિંગના હોદ્દેદારોની નિમણૂંક કરાઈ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર મહાનગર પાલિકાની ચૂંટણીઓ દરમ્યાન આમ આદમી પાર્ટીએ સમગ્ર શહેરમાં નાગરિકોનું વિવિધ સ્થાનિક મુદ્દા ઉઠાવીનો અસરકારક રીતે ધ્યાનાકર્ષિત કર્યુ હતુ અનો રાજ્યભરમાં તો ચર્ચાસ્પદ બની હતી. જોકે મનપાની ચૂંટણીઓમાં પહેલીવાર લડી રહેલી આમ પાર્ટીએ આશરે ૨૨ ટકા જેટલાં નોંધપાત્ર મતો મેળવવા છતાં માત્ર એક જ બેઠકથી સંતોષ માનવો પડ્યો હતો. જો કે આમ પાર્ટીએ આગામી સમયમાં પાટનગરના રાજકારણમાં વધુ અસરકારકતા ઉભી કરવાની નેમ સાથે સંગઠનને મજબૂત કરવા કમર કસી છે અને તાજેતરમાં આપના એકમાત્ર વિજેતા ઉમેદવાર તુષાર પરીખને શહેર પ્રમુખ બનાવ્યા બાદ હવે યુવા સંગઠનમાં ફેરફારો સાથે યુથ વિંગનું ગઠન કર્યુ છે.

આમ આદમી પાર્ટી દ્વારા ગાંધીનગર શહેર યુથવિંગના પ્રમુખ મહિપતદાન ગઢવી તથા સંગઠન મહામંત્રી ડૉ. હાર્દિક તલાટીના નેતૃત્વમાં ઉપપ્રમુખ પદે પુષ્પક પટેલ તથા આદિત્ય આહિર, સંગઠન મંત્રી પદે શીરીન મન્સુરી, સહ સંગઠન મંત્રી પદે ગોવિંદ રાઠોડ, વિજય મહેતા, શ્રેયાંશ રબારી, રાકેશ ભરવાડ, ધવલસિંહ રાઠોડ, પિયુષ દંતાલી, નિરવ પટેલ અને ખુશાલ કપ્રેચા તેમજ સોશિયલ મિડીયા ઈન્ચાર્જપદે દર્શિક શાહની નિમણુંક કરવામાં આવી છે. આ સાથે આમ આદમી પાર્ટીએ ગાંધીનગર શહેરમાં પોતાનું યુવા સંગઠન વધુ મજબૂત બનાવવાના સંકેત આપી દીધાં છે.



## સે-૩ ન્યુ ખાતે સરકારી દવાખાને નિઃશુલ્ક આર્યુવેદિક ઓપીડીનો પ્રારંભ

ગાંધીનગરના સેક્ટર-૩ ન્યુ ખાતે લાંબા સમયથી બંધ પડેલા સરકારી દવાખાનાને પુનઃ જીવિત કરવામાં આવ્યું છે. સેક્ટર-૩ ન્યુ વસાહત મંડળ અને આરોગ્ય ખાતા સાથે સંકળાયેલ અધિકારીઓ અને જાગૃત નાગરિકો સેક્ટરમાં રહે છે જેમના પ્રયાસથી "સેક્ટર-૩ ન્યુ નું સરકારી દવાખાનું" આર્યુવેદિક સારવાર માટે શરૂ કરી દેવામાં આવ્યું છે. આ દવાખાને જિલ્લા પંચાયતની આરોગ્ય શાખાના અનુભવી આયુર્વેદ તબીબ ડૉ.મમતાબેન દેસાઈ દ્વારા દરરોજ સવારે ૯ થી ૧૨ અને સાંજે ૪ થી ૬ દરમ્યાન ઓ .પી .ડી નિઃશુલ્ક સેવા આપશે. સે.૩ન્યુના સેક્ટરવાસીઓ સહિત આસપાસના વિસ્તારના નાગરિકોને જરૂરીયાત મુજબ આ સેવાનો લાભ લેવા સે.૩ ન્યુ વસાહત મંડળના પ્રમુખ જયેશ આગજા દ્વારા જાહેર અપીલ કરવામાં આવી છે. આ સાથે તેમણે બીપી, તાવ , શરદી, ઉદરસ, ખાંસી, કમરનો દુઃખાવો, ઢીંચણનો દુઃખાવો જેવી બિમારીઓના દર્દીઓને આ નિઃશુલ્ક સેવાનો એકવાર લાભ લેવા અનુરોધ કર્યો છે. આ સાથે દર્દીઓને જરૂરીયાત મુજબ દવાઓ પણ અત્રેથી નિઃશુલ્ક આપવામાં આવશે.

# ઓમિક્રોન પહેલો કેસ નોંધાયો તે ઘરમાં ક્લાસિસ ચાલતા હતા

**જામનગરમાં ઓમિક્રોનનો વિસ્ફોટ થશે : ઓમિક્રોનથી સંક્રમિત થનારના ઘરે ટ્યુશન ક્લાસિસ ચાલતા હોવાનો સૌથી મોટો ખુલાસો થતા ખળભળાટ મચ્યો**

જામનગર,તા.૬

રાજયમાં કોરોના વાયરસનો ખતરનાક ઓમિક્રોન વેરિયન્ટનો પહેલો કેસ જામનગરમાં નોંધાઈ ચૂક્યા છે, તેમ છતાં તંત્રની ઘોર બેદરકારી સામે આવી છે. જામનગરમાં ઓમિક્રોનથી સંક્રમિત થનારના ઘરે ટ્યુશન ક્લાસિસ ચાલતા હોવાનો સૌથી મોટો ખુલાસો થતા ખળભળાટ મચ્યો છે. જામનગરમાં સંક્રમિતના પરિવારજનોની બેદરકારી ટ્યૂશન આવતા બાળકો પર ભારે પડી શકે છે. જેના કારણે આજે તંત્ર એક્શનમાં આવી ગયું છે અને બાળકોની ભાળ મેળવીને તેમના કોરોના ટેસ્ટ કરવાનો નિર્ણય કરાયો છે. આ વિશે મળતી માહિતચી પ્રમાણે જામનગરમાં સાઉથ આફ્રિકાથી આવેલા વૃદ્ધ ઓમિક્રોન સંક્રમિત છે તેમ છતાં તંત્ર ઘોર નિંદ્રામાં સુતું ઝડપાયું છે. શહેરમાં ઓમિક્રોન સંક્રમિત વ્યક્તિના ઘરમાં મહિલા ટ્યુશન ચલાવતી હતી. શહેરના વોર્ડ નંબર ૧૨ના કોંગ્રસના કોર્પોરેટરે કમિશ્નર અને આરોગ્ય વિભાગને જાણ કરી હોવાનો દાવો પણ કરવામાં આવી રહ્યો છે.

આ માહિતી મળતા આરોગ્ય વિભાગે ઘરમાં ટ્યુશને જતાં સાત બાળકોને શોધી કાઢ્યા છે. બાળકોને સ્કૂલે ન મોકલવાની પણ તંત્રએ જાણ કરી દીધી છે. આફ્રિકાથી આવેલા વૃદ્ધ ઓમિક્રોન સંક્રમિત થયા હોવા છતાં બે દિવસ સુધી ચાલુ ટ્યુશન ક્લાસ રહ્યા હતા, અને પાછળથી વોર્ડ નંબર ૧૨ના કોંગ્રસના કોર્પોરેટર જેનબ ખફીએ તંત્રને જગાડ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે ઝિમ્બાબ્વેથી જામનગર શહેરમાં આવેલા ૭૨ વર્ષીય વૃદ્ધને કોરોનાનું સંક્રમણ થયું હતું અને શનિવારે તેના રિપોર્ટમાં ઓમિક્રોન વેરીએન્ટની પુષ્ટિ થઇ હતી. આ સાથે દક્ષિણ આફ્રિકાથી દુબઈ, દિલ્હી થઈને મુંબઈ નજીક કલ્યાણ ડોમ્બિવલી મ્યુનિસિપલ વિસ્તારમાં પહોંચેલા એક વ્યક્તિમાં પણ ઓમિક્રોન વેરીએન્ટનું સંક્રમણ થયાની પુષ્ટિ થઈ હતી. ત્યારબાદ વધુ બે દર્દીઓ ગઈકાલે સંક્રમિત થયા હતા, તે બંનેના નમૂના ઓમિક્રોનની તપાસ માટે લેબોલેટરીમાં મોકલ્યા છે.

# અમદાવાદ ખાતે 'હોમગાર્ડ નાગરિક સંરક્ષણ સ્થાપના દિવસ' ઉજવાયો

ગાંધીનગર, તા. ૬

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીના અધ્યક્ષસ્થાને અમદાવાદના લાલ દરવાજા સ્થિત હોમગાર્ડ ગ્રાઉન્ડ ખાતે 'હોમગાર્ડ નાગરિક સંરક્ષણ સ્થાપના દિવસ' ની ઉજવણી કરવામાં આવી હતી.




આ ઉજવણી પ્રસંગે હોમગાર્ડ જવાનોની સેવાકીય પ્રવૃતિઓને બિરદાવતા ગૃહ રાજ્યમંત્રીએ કહ્યું કે રાજ્યના હોમગાર્ડ જવાનો માનવતાવાદી સેવાકીય કાર્યનું ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડી રહ્યા છે. તેમણે કહ્યું કે રાજ્યમાં આવેલી કુદરતી કે માનવસર્જિત આપત્તિઓમાં હોમગાર્ડ જવાનો હર હંમેશ ખડેપગે કાર્યરત રહ્યા છે.

તેમણે એમ પણ ઉમેર્યું કે કોરોના કાળમાં લોકડાઉનના સમયગાળામાં પણ હોમગાર્ડ જવાનોએ રાજ્ય પોલીસ સાથે ખભેખભા મિલાવીને પોતાની જવાબદારી સહર્ષ નિભાવી છે.

કોરોના કાળમાં પોતાનું ઉત્તરદાયિત્વ નિભાવતા શહીદ થયેલ ૪૬ હોમગાર્ડ જવાનોના બલિદાનને રાજ્ય સરકાર અને રાજ્યના નાગરિકો હર હંમેશ યાદ રાખશે તેમ પણ તેમણે જણાવ્યું હતું.

આ બલિદાનને અમર કરવા ગૃહ રાજ્યમંત્રીએ જિલ્લાસ્તરે પ્લાટુનના વ્યવસ્થાપન કરતા અધિકારીઓ અને પ્લાટુનના પરિવારજનોને કોરોના વોરિયર્સના આશ્રિતોને સહયોગી બનવા અપીલ કરી હતી.

સિવિલ ડિફેન્સના જવાનો પણ રાજ્યની વિવિધ આકસ્મિક પરિસ્થિતિઓમાં શ્રેષ્ઠ કામગીરી કરે છે તેમ જણાવી સીવીલ ડીફેન્સને ઉપયોગી સાધનસામગ્રી તેમજ વિવિધ ક્ષેત્રમાં રીફોર્મસ લાવવા રાજ્ય સરકાર તત્પર હોવાનું રાજ્યમંત્રીએ ઉમેર્યું હતું.

હોમગાર્ડ અને સીવિલ ડિફેન્સના જવાનો દ્વારા પરેડ માર્ચ પાસ્ટ કરવામાં આવી હતી. જે ઉપસ્થિત લોકો માટે આકર્ષણનું કેન્દ્ર બની રહી. આ કાર્યક્રમમાં આપતકાલીન પરિસ્થિતિમાં નાગરિક સરક્ષણની કામગીરી કેવા પ્રકારની હોય તેનું પણ નિરક્ષણ કરવામાં આવ્યું હતું.

કોરોના કાળ દરમ્યાન શ્રેષ્ઠ કામગીરી કરનાર કોરોના વોરિયર્સના આશ્રિતોને ગૃહરાજ્યમંત્રી સહિતના મહાનુભાવોના હસ્તે વંદન પત્ર એનાયત કરવામાં આવ્યા હતા.

મહામહિમ રાષ્ટ્રપતિ ચંદ્રકો આપી અને શૌર્યપૂર્ણ કામગીરી કરનાર જવાનોને બિરદાવવામાં આવ્યા હતા. હોમગાર્ડ બેન્ડ દ્વારા કરતલધ્વની અને વિવિધ સૂરાવલિઓથી ગૃહ રાજ્યમંત્રીનું સ્વાગત કરવામાં આવ્યું.

આ ઉજવણીના અવસરે અમદાવાદ શહેર કિરીટભાઈ પરમાર, શહેર પોલીસ કમિશનર સંજય શ્રીવાસ્તવ, હોમગાર્ડ આને સીવીલ ડીફેન્સ ના વડા, સહિતના પોલીસ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## વરિષ્ઠ પત્રકાર રાજકીય વિશ્લેષક અજયભાઈ ઉમટના પિતાશ્રીનું વડોદરા ખાતે દુઃખદ અવસાન

નવગુજરાત સમય અને અમદાવાદ મિરરના ગ્રુપ એડિટર અજયભાઈ ઉમટના પિતાશ્રી તેમજ જાણીતા શિક્ષણશાસ્ત્રી અને બોડેલી કોલેજના ભૂતપૂર્વ પ્રિન્સિપાલ પ્રો. ડી.એસ. ઉમટનું ટૂંકી માંદગી બાદ સોમવારે સાંજે વડોદરા ખાતે નિધન થયું છે. સદગતની અંતિમયાત્રા તેમના નિવાસસ્થાન ૭૩, જ્યોતિપાર્ક સોસાયટી, કારેલી બાગ, વડોદરાથી આવતીકાલે મંગળવારે સવારે ૧૦ કલાકે નીકળશે અને બહુચરાજી રોડ-ખાસવાડી સ્મશાન ગૃહે અંતિમવિધિ થશે.

ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાંત જહાએ સદ્ગતના આત્માની શાંતિ માટે પ્રાર્થના પાઠવી હતી.

# અમદાવાદની સિવિલમાં ઓમિક્રોન વોર્ડ ઊભો કરાયો

**બીજી લહેર જેવો ઊહાપોહ ના થાય અને દર્દીઓને અગવડ ના પડે તે માટેની વ્યવસ્થા ૧૨૦૦ બેડમાં ઉભી કરાઈ**

કોરોનાની બીજી લહેર દરમિયાન અમદાવાદમાં હોસ્પિટલની બહાર એમ્બ્યુલન્સની વિશાળ લાઈનો લાગી હતી. જેમાંથી કંઈક શીખીને સિવિલ હોસ્પિટલના તંત્ર દ્વારા ઓમિક્રોન વેરિયન્ટને ધ્યાનમાં રાખીને ખાસ તૈયારીઓ આરંભી દીધી છે. કોરોનાના વોર્ડમાં ઓમિક્રોન વેરિયન્ટના દર્દીઓને રાખવા ના પડે તે માટે અસારવા સિવિલ હોસ્પિટલમાં અલગથી વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. આરોગ્ય કમિશનર જયપ્રકાશ શિવહરેએ સિવિલમાં આવેલી ૧૨૦૦ બેડ હોસ્પિટલની મુલાકાત લીધી છે, અહીં ઓમિક્રોનના દર્દીઓ માટે અલગ વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. ઓમિક્રોન વોર્ડમાં ૪ વિંગ બનાવવામાં આવી છે. આ વિંગમાં ૧૨-૧૨ વેન્ટિલેટર બેડની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. રિપોર્ટ્સ મુજબ ૧૨૦૦ બેડ હોસ્પિટલના પાંચમા માળે ઓમિક્રોન વોર્ડ બનાવવામાં આવ્યો છે. જોકે, હજુ માત્ર ગુજરાતના જામનગરમાં એક માત્ર ઓમિક્રોનનો કેસ આવ્યો છે આમ છતાં પૂર્વ તૈયારીના ભાગ રુપે અમદાવાદ સિવિલમાં તૈયારીઓ કરી દેવામાં આવી છે. જે ચાર વિંગ તૈયાર કરવામાં આવી છે તેમાંથી બે વિંગમાં સાધન-સામગ્રી સાથે કામગીરી શરુ કરી દેવામાં આવી છે. આ વોર્ડમાં મેડિકલ સ્ટાફને કેટલીક જરુરી કામગીરી પણ સોંપવામાં આવી છે. આ વોર્ડને ઉપયોગમાં લેતા પહેલા તેને સેનિટાઈઝ પણ કરવામાં આવ્યો હતો. આ વોર્ડમાં જે જરુરી તૈયારીઓ કરવામાં આવી છે.

## માસ્કની ડિમાન્ડ... ● છેલ્લા પાનાનું ચાલુ

ઢીલ દેખાઈ રહી હતી. જાહેર સ્થળોએ પણ લોકો માસ્ક પહેરવાનું ટાળી રહ્યા હતા પરંતુ દિવાળી બાદ કેસ વધતા અને નવા વેરીયન્ટે ચિંતા વધારતા માસ્ક બાબતે હવે ફરીથી લોકો ચિંતા કરતા થયા છે. માસ્ક પહેરવા બાબતે ચિંતા વધતા તેની ખરીદીમાં પણ વધારો થયો છે. માસ્કની ડિમાન્ડના ૧૫ થી ૨૦ ટકાનો વધારો થયો છે. છેલ્લા એક અઠવાડિયાથી માસ્કની ઈન્કવાયરી વધી છે. જો કે હજુ સેનેટાઈઝરની માંગમાં કોઈ ખાસ વધારો જોવા મળ્યો નથી.

## સરકાર સમક્ષ રજૂઆત... ● છેલ્લા પાનાનું ચાલુ

પ્રતિનિધિમંડળે મુખ્યમંત્રી, પંચાયતમંત્રી તેમજ પ્રભારી રાજ્ય ગૃહમંત્રીને અડાલજની પ્રસિદ્ધ વાવના ફોટોગ્રાફ્સ આપી આ મહાનુભાવોનું અભિવાદન કર્યુ હતુ.

જિલ્લા પંચાયતની જમીનને લઈ જે રીતે વિવાદ થઈ રહ્યા છે તેને લઈ રાજકીય વર્તુળોમાં પણ ચર્ચાઓ ઉભી થઈ છે. પહેલા કોંગ્રેસના શાસનમાં ફાઈલ અભેરાઈએ ચડી ગઈ હતી હવે ભાજપની જ સત્તા છે પણ ચૂંટાયેલી પાંખ અને વહીવટીય પાંખ વચ્ચે આ મુદ્દે મતભેદ જોવા મળી રહ્યા છે.

# સુરતમાં એક જ પરિવારના પાંચને કોરોનાનું સંક્રમણ

દેશભરમાં એક જ દિવસમાં ઓમિક્રોન વેરિયન્ટથી સંક્રમિત કોરોનાના દર્દીઓનો આંકડો ૪થી સીધો ૨૦ને પાર જતો રહ્યો છે. આવામાં હવે ફરી એકવાર કોરોનાનો હાહાકાર મચ્યો છે. સુરતમાં એક જ પરિવારના ૫ લોકોનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. આ પરિવારના સભ્યોએ રસીના બન્ને ડોઝ લીધા હોવા છતાં તેઓ કોરોનામાં સપડાયા છે. સુરતના અડાજણ વિસ્તારમાં આવેલી આઈલીલા સોસાયટીમાં એક જ પરિવારના ૫ લોકો કોરોના પોઝિટિવ આવ્યા છે. આ પછી સુરત મહાનગર પાલિકા દ્વારા આખી સોસાયટીને નિયંત્રિત ઝોન જાહેર કરવામાં આવી છે. મહત્વનું છે કે હાલમાં જે પ્રમાણે કોરોનાના નવા વેરિયન્ટને લઈને હાહાકાર મચ્યો છે ત્યારે સુરતમાં એક જ પરિવારમાં ૫ કોરોના પોઝિટિવ નોંધાતા લોકોની ચિંતામાં વધારો થયો છે. જ્યારે સુરત શહેરમાં એક જ દિવસમાં ૯ નવા કેસ નોંધાયા છે. સાંઈલીલા નામની જે સોસાયટીમાં એક પરિવારના ૫ સભ્યો કોરોના પોઝિટિવ આવ્યા છે જેમાં રિપોર્ટ્સ મુજબ ૫ વયસ્ક અને ૧ બાળકનનો સમાવેશ થાય છે. જેમાં વયસ્ક સભ્યોએ રસીના બન્ને ડોઝ લીધેલા છે આમ છતાં તેઓ સંક્રમિત થયા છે જેના કારણે લોકો વધારે ચિંતિત થયા છે. હાલ કોરોના સંક્રમિત થયેલા પરિવારના સભ્યોની તબિયત સામાન્ય હોવાનું પણ જાણવા મળી રહ્યું છે. એક તરફ ઓમિક્રોન વેરિયન્ટના લીધે ભયનો માહોલ છે અને બીજી તરફ બસ સ્ટેન્ડ, રેલવે સ્ટેશન, મૉલ, બજારોમાં ભીડ અને માસ્ક વગર ફરતા લોકો દેખાઈ રહ્યા છે તેના કારણે ફરી પરિસ્થિતિ મુશ્કેલીમાં મુકાઈ શકે છે. સુરત શહેરના એરપોર્ટ પર ૨૪ કલાકમાં વધુ ૮૭ વિદેશી મુસાફરોનું આગમન થયું છે. ઓમિક્રોન અને નવા કેસમાં દેખાતા ઉછાળાને ધ્યાનમાં રાખીને વાયરસ વધારે ફેલાય નહીં તે માટે સ્થાનિક વહીવટી તંત્ર સતર્ક બન્યું છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ